# ‘પ્રવાસ’

‘પ્રવાસ’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## ‘કરકસર’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. ‘કરકસર’. તમારી મૌલિક કૃતિ અમને 30-05-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email:sannari@gujaratmitra.in

- સંપાદક





## પ્રવાસની ખુશી

પ્રવાસની વાત સાંભળી, શાળામાં ખુશી છવાઈ,
બાળકો સૌ ઉત્સાહથી, તૈયારીમાં લાગી જાઈ.
શિક્ષકે ફી જણાવી ત્યારે, સૌ ઘરે વાત કરી,
આખું વર્ષ બચાવેલા, સિક્કા કાઢ્યા પ્રેમથી,
પણ ફી થોડી ઓછી હતી, મુંઝાઈ ગયો મનથી.
દાદાદાદી બોલ્યા હસીને, “બેટા ચિંતા ના કર,”
પ્રવાસ માટે ફી આપી, ખુશી આવી ઘેરઘેર.
બસમાં બેસી મિત્રો સાથે, ગીતો ગાતા જાય,
નવા નવા સ્થળો જોઈને, મન આનંદથી છલકાય.
પર્વત, બગીચા, મંદિર જોઈ, ડાયરીમાં નોંધ કરે,
પ્રવાસ પૂરો કરી ઘરે આવ્યો, ચહેરા પર લાલી,
બચેલા રૂપિયા પાછા આપ્યા, ખુશ થઈ દાદાદાદી.
ડાયરી ખોલી પ્રેમથી પછી, પ્રવાસની વાતો કરે,
નાનકડું એ બાળહૃદય, યાદોની દુનિયા ભરે.

અંકુરભાઈ ગુલાબભાઈ લાડ (બામણવેલ)

## ગઝલ

આયોજન કંઈક એવું કરું,
સઘળું જગત ફરી વળું.
સાત સમંદર પાર ઊતરું,
બની જાઉં સાગર ખેડુ
રણ પણ ખૂંદી વળું
બસ, ઝાંઝવાની જેમ તરું
પર્વત, ઝરણાં, નદી, કોતર,
સઘળું ભીતર ગેલેરીમાં ભરું

- ઈમરાન ખાન ચાંદ (મુ.પો. કઠોર)



## આવાગમનનો પ્રવાસ

ક્યાં કોઈ ઠેકાણું કે ક્યાં પૂરું સરનામું
ખબર છે આપણે ક્યાં જઈ અટકવાનું?
હોય મારગ મોકળો કે હોય ભલે કાંટાળો
નાનકડી કેડીએ પણ આપણે લ્હાવો લેવાનો!
ને હોય પ્રકૃતિની ગોદ કે હોઈએ અફાટ રણમાં
પળપળ અહીં ચિત્રો બદલાતા ને ભળતું કણકણમાં!
રમીએ રમત લાગણીઓની ને કદીક સ્વાર્થની સંગમાં
આપણે જ જીતીએ ને હારીએ હસતાં રહીએ વ્યંગમાં!
નીકળી જતાં રોજ અહીં કેટલાઓ અનંત પ્રવાસે
એટલા જ વળી આવતા રહેતા અહીં નવા મુકામે!
કેટલી વાર આવ્યા ને ગયા એ હિસાબ કોને પૂછવાનો
‘આવાગમનનો’ આ પ્રવાસ આપણે સહુએ કરવાનો!

- રીટા સંજય વશી (સુરત)

## નિરાળો પ્રવાસ

થાકેલા આ પગ હવે, ઉંબરો ઓળંગવા માંગે છે,
શહેરના આ શોરથી, ક્યાંક દૂર ભાગવા માંગે છે...
ઘણી વણી લીધી જંજાળ આ રોજબરોજની વાતોમાં,
હવે મન અજાણ્યા રસ્તે, ખોવાઈ જવા માંગે છે...
જ્યાં સવાર પડે ઝાકળથી ને સાંજ ઢળે પહાડોમાં,
એક આખું આભ હવે, હૃદયમાં સમાવવા માંગે છે.
નથી નકશો જોઈતો કે નથી જોઈતી કોઈ દિશાની ખબર,
મન તો ભટકીને પોતે પોતાને જ, ફરી શોધવા માંગે છે...
ક્યાંક વહેતી નદીની નિર્મળતા ને ક્યાંક રણની રેત,
ક્યાંક વનની નીરવ શાંતિ ને ક્યાંક કુદરતનું હેત,
પ્રવાસ તો છે એક બહાનું, ફરી જીવંત થવા માટે,
બાકી, શ્વાસ પણ થાક્યા છે આ પાંજરામાં,
એટલે હવે ક્યાંક નિરાંતે વહેવા માંગે છે...
પણ તોયે આ મન જિંદગી જીવવા માટે, એક ‘નિરાળો’
પ્રવાસ કરવા માંગે છે...

- નિરાલી ઠોરિયા (મોરબી)



## પ્રવાસ એટલે....


મુક્ત મને શ્વાસ લેવાનો અવસર એટલે પ્રવાસ..
નવી જગ્યા, નવા લોકો અને નવી વ્યવસ્થા ને માણવાનો સમય એ પ્રવાસ..
દરેક પ્રવાસ વખતે, નવજીવનની અનુભૂતિ કરવાની પ્રેરણા એટલે પ્રવાસ..
સ્નેહીજનો સાથે સતત અને અવિરત સાનિધ્ય માણવાનો અવસર એટલે પ્રવાસ..
નવા પ્રદેશ અને આહારને આરોગવાનો સંગમ એટલે પ્રવાસ..
રસ્તા, પાણી, વૃક્ષને નવા આયામોથી નીરખવાની પળ એટલે પ્રવાસ..
ડુંગર, સમુદ્ર અને આકાશને પણ સ્પર્શીને સાથે લઈ જવાની મહેચ્છા એટલે પ્રવાસ..
નિર્ધારિત સમયમાં કેટલુંય જીવી, જાણી ને માણી લેવાની ખેવના એટલે પ્રવાસ..
પસંદગીની જગ્યાએ, પસંદગીની વ્યક્તિ સાથે વારંવાર જવાનું મન થાય એ પણ પ્રવાસ..

- ડૉ. યોગેશ સોંડાગર (મહુવા)

## ગઝલ

કંટક વચ્ચે સુગંધ પ્રવાસ,
ન્યારો ઋણાનુબંધ પ્રવાસ,
રસ્તે થાકો, ના ગભરાશો,
ખાલી છે મારો સ્કંધ પ્રવાસ.
સદગુણ શોધો એક મળે ના,
દુર્ગુણ જથ્થાબંધ પ્રવાસ!
પાન ખ...રે ને વૃક્ષ મૂંઝાતું.
કેવો છે આ અનુબંધ પ્રવાસ
મારા ચ્હેરે હૃદય- ઉઝરડા,
ચાસ હજીયે અકબંધ પ્રવાસ!
એક જ ડાળે, ફૂલ્યે-કંટક,
ટહુકાતો એ સંબંધ પ્રવાસ
કેમ જુએ છે આમ અરીસો-
ઘરના ખૂણામાં અંધ પ્રવાસ!
અંધ બધા છે જીવનમાં જે,
અથડાશે એ મોહાંધ પ્રવાસ!

- રમેશ પટેલ (સુરત)



## પ્રવાસ

એક જ ઘરેડ, મન જ થાકે.
શરીર થાકે, મન મરકટ.
નિત નવું ચાહે, તાજગી માટે.
જગ્યા બદલે, પ્રવાસ કરે.
નવા રસ્તે, સાહસ ખેડે.
તીર્થ કરે, દરિયે વિહરે.
પર્વત ચઢે, નદીએ વિહરે.
નવી વાનગી ચાખે, પગદંડીએ ચાલે.
યાત્રાધામ કરે, પુણ્ય મેળવે.
શોખની ચાહે જન પ્રવાસ કરે.
પ્રવાસ કરી ઉલ્લાસ પામે
મનને નવી દિશા આપે.
ફરવાના નવા અનુભવો કરે,
અનુભવોને બધે વહેંચે.
મનને તનને ટાઢક મળે,
જીવવાનો જાણે ઉમંગ મળે.

- સીમા પરીખ
(સુરત)ગઝલ

## સફર

બે ઘડીની છે સફર,
કે સદીની છે સફર.
ત્રાજવે તોળાય છે,
નેક બદીની છે સફર.
ગમ ખુશીની જિંદગી,
જિંદગીની છે સફર.
તું મુસાફર છે અહીં,
આ જગતની છે સફર.
કોઈની તો જિંદગી,
બેબસીની છે સફર.
કોઈના તકદીરમાં,
વૈભવીની છે સફર
સાથ ‘મોહિન’ જો મળે,
તો ખુશીની છે સફર.

મોહિન મલિક
(સુરત)

## ગઝલ (વૈશ્નોદેવી જતાં )

પર્વત અને આ ખીણની મીલીભગત જુઓ
આ તેજ ને તિમિરથી ચિતરેલી છતજુઓ
સૂરજનીઉગ્રતા અહીં ઓછી થઈ છતાં
‘સન-ગ્લાસ’ પે’રવાની સૂઝેલી કમત જુઓ
વરસાદે એની લાગણીઓ ઠાલવીદીધી...
વાદળ ઉપર થયેલી ભીની દસ્તખત જુઓ!
બીજાકને ઉપાડવાની આવડત જુઓ!
જાતે ધ્રુજે ને ચાય એ બાળકને પાય છે,
દેહાતી આદમીની જરી માવજત જુઓ!
ઘર જેવું ખાવું ને પીવું..આ દૂર દેશમાં,
મોજીલું જીવવાની કલા હસ્તગત જુઓ.
શ્રદ્ધા ઊભી છે હાંફતી અધવચ છતાં અડગ!
દર્શન કરીને ધન્ય થવાની મમત જુઓ!

- બકુલેશ દેસાઈ

## પ્રવાસ

... મારાથી
તારા સુધીનો
અને
તારાથી મારા સુધીનો
માણેલો સહવાસ
એ જ આપણો
પ્રવાસ...!



- દીપક જગતાપ (રાજપીપળા)